# અમદાવાદ-ઉદેપુર હાઈવે - ૮ પર શ્રમિકોનો હોબાળો

## સાબરકાંઠાથી પ્રવેશતા ૩૦૦ શ્રમિકોને અરવલ્લી પોલીસે અટકાવ્યા

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે હાલમાં દેશભરમાં ૧૭ મે સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે જેને લઈને ધંધા-રોજગાર ઠપ્પ થતા દેશભરમાં પરપ્રાંતીયોએ વતનની વાટ પકડી છે. આંતરરાજ્ય રાજેન્દ્રનગર ચોકડીથી સાબરકાંઠા જિલ્લામાંથી પ્રવેશ કરતા ૩૦૦ જેટલા શ્રમિકોને અરવલ્લી પોલીસે અટકાવતા શ્રમિકોએ હોબાળો કરી હાઈવે ચક્કાજામ કરતા બંને જિલ્લાના પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ દોડી રહેતા પરપ્રાંતીય શ્રમિકોએ લોકડાઉનમાં વતન તરફ પ્રયાણ કરતા અરવલ્લી જિલ્લાના માર્ગે રાજસ્થાનમાં પ્રવેશી રહ્યા છે, રાજસ્થાન સરકારે પાસ વગર શ્રમિકોને પ્રવેશતા અટકાવતા છાસવારે સરહદ પર પરપ્રાંતીયો હોબાળો ઝરતી ગરમીમાં પગપાળા વતન તરફ જતા એકલ દોકલ જોવા મળી રહ્યા છે. લોકડાઉનમાં સાબરકાંઠા જિલ્લા પોલીસતંત્રની નબળી કામગીરી કે પછી આંખ આડે કાન કરવાની નીતિના પગલે સાબરકાંઠામાંથી અનેક



સરહદો સીલ હોવાના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે, રાજ્યના અનેક જિલ્લામાંથી અરવલ્લી જિલ્લામાં પરપ્રાંતીયો પગપાળા અને વાહનો મારફતે પહોંચી રહ્યા છે. ધોમધખતા તાપમાં પણ કોરોનાનો ડર અને રોજગારી છીનવાતા શ્રમિકો મોતને માથે લઈ વતન તરફ ચાલી નીકળવા મજબુર બન્યા છે. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવ્યા હતા. શ્રમિકોને સમજાવી ટ્રાફિકજામ હળવો કર્યો હતો. સાબરકાંઠા પોલીસ ૩૦૦ શ્રમિકોને પરત લઈ ગઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

રાજસ્થાન રાજ્યને અડીને આવેલ અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદ જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્ર માટે લોકડાઉનમાં માથાના દુખાવા સમાન બની રહી છે, અન્ય રાજ્યો અને રાજ્યના વિવિધ વિસ્તારોમાં કરી રહ્યા છે માંડ માંડ સરકારે જે તે રાજ્યોના પરપ્રાંતિઓને જવા માટે વ્યવસ્થા પણ કરી દીધી છે અને તેઓ માટે ટ્રેન પણ શરૂ કરી વતન મોકલવાની તજવીજ હાથ ધરી છે. છતાં કેટલાક શ્રમિકોને પરમીશન ન મળી હોય કે અન્ય કોઈ કારણસર હજારો કિલોમીટર પગપાળા વતન તરફ જવા નિકળી પડતા અરવલ્લી જિલ્લાના માર્ગો પર હજુપણ પરપ્રાંતીય શ્રમિકો આગ પરપ્રાંતીય શ્રમિકો અરવલ્લી જિલ્લામાં પ્રવેશી રહ્યા છે. પરપ્રાંતીય શ્રમિકોને પગલે લોકડાઉનની અમલવારી માટે સતત ખડેપગે ઉભી રહેતી અરવલ્લી જિલ્લા પોલીસ માટે પડકાર ઉભો કરી રહ્યા છે ત્યારે સાબરકાંઠા પોલીસની નીતિના પગલે અરવલ્લી જિલ્લાના લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

## સાબરકાંઠાના નાટ્યકારે જરૂરિયાતમંદ કલાકારોને કરીયાણાની કીટનું વિતરણ

હિંમતનગર, તા. ૧૩

કોરોનાની મહામારી વચ્ચે મુશ્કેલી અનુભવતા જિલ્લાના કલાકારોને સાબરકાંઠાના ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર ભરત વ્યાસે જરૂરિયાતમંદ કલાકારોને કરીયાણાની કીટનું વિતરણ કર્યુ. જિલ્લામાં કુલ ૧૨૫ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં લોટ, દાળ, તેલ, ખાંડ, મરચુ, મીઠુનો સમાવેશ થતો હતો. આ કીટ વિતરણ ઈડર-વડાલી તાલુકાના ધારાસભ્ય હિતુભાઈ કનોડિયાના સંકલનમાં રહી કરવામાં આવ્યું હતું.

# સુરતીઓને વતન મોકલવા એસ.ટી. નિગમની સરાહનીય કામગીરી

### હિંમતનગર ડીવીઝન દ્વારા ૧૫૦થી વધુ બસો સુરત મોકલાઈ : ત્રણ દિવસથી ચાલી રહેલી કામગીરીથી ડ્રાઈવરોને સુરત મોકલાયા

હિમતનગર, તા. ૧૩

કોરોના વાયરસને પગલે સમગ્ર ગુજરાત લોકડાઉનમાં મુકાઈ ગયુ છે. ત્યારે તેના લીધે પરપ્રાંતિય આંતર જિલ્લાના રહેવાસીઓને ગણા સમયથી પરીવારથી અલગ રહેવાનો વખત આવ્યો છે. ત્યારે સુરતમાં રહેતા અને સૌરાષ્ટ્રના વતની અનેક લોકોને તેમના વતન જવા માટે ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમ દ્વારા ખાસ બસોની વ્યવસ્થા છેલ્લા ચાર દિવસથી કરાઈ રહી છે. જે મુજબ હિંમતનગર ડીવીજનના તાબાના આઠ ડેપો દ્વારા અંદાજે ૧૫૦થી વધુ બસો સુરત મોકલાઈ છે.

આ અંગે હિંમતનગર ડીવીઝનના ડીવીઝનલ ઓફિસર મહેશભાઈ ગોસ્વામીના જણાવાયા મુજબ લોકડાઉનને લીધે ગુજરાતમાં આવેલા અનેક મોટા શહેરોમાં અન્ય જિલ્લાઓ તથા પરપ્રાંતમાંથી આવતા લોકો વાહન વ્યવહાર બંધ થઈ ગયો હોવાને કારણે તેઓ પોતાના માદરે વતન પહોંચી શક્યા નથી. જોકે રાજ્ય અને કેન્દ્ર સરકારે આ શ્રમિકોને ટ્રેન મારફતે તેમના વતન પહોંચાડવા માટે યથાયોગ્ય વ્યવસ્થા કરી છે. જેના માટે એસ.ટી. નિગમે આવા શ્રમિકોને રેલવે સ્ટેશન અથવા તો અન્ય પીકઅપ પોઈન્ટ ઉપર બસો મારફતે પહોંચાડાયા છે.

દરમિયાન સુરત તથા આસપાસના ઔદ્યોગિક વિસ્તારો અને હીરાની ફેક્ટરીઓમાં કામ કરતા રત્ન કલાકારો મોટેભાગે સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં રહેતા હોવાને કારણે તેઓ સુરતમાં લોકડાઉનને લીધે વતન જઈ શક્યા નથી. ત્યારે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા અન્ય ડીવીઝન દ્વારા અંદાજે ૫ હજાર એસ.ટી. બસો સુરતથી સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં દોડાવવા માટે નિર્ણય લેવાયા બાદ છેલ્લા ચાર દિવસથી હિંમતનગર ડીવીઝન સહિત રાજ્યના અન્ય ડીવીઝનનોમાંથી એસ.ટી.ના ડ્રાઈવરોને સુરત મોકલાઈ રહ્યા છે. જે મુજબ હિંમતનગર ડીવીજનના પ્રાંતિજ, માણસા, વિજાપુર, ઈડર, ખેડબ્રહ્મા સહિતના અન્ય ડેપોમાંથી રોજની ૫૦થી વધુ બસો સુરત મોકલાઈ રહી છે. દરમિયાન બુધવારે પણ ૫૦ બસો સુરત મોકલાઈ છે અને ગુરૂવારે પણ ઉચ્ચકક્ષાએથી સુચના મળશે તો સાબરકાંઠા ડીવીજનની વધુ બસો મોકલવા માટે અમે તૈયાર છીએ.

જે ડ્રાઈવરો ખાલી બસ લઈને સુરત જાય છે તેમના માટે એસ.ટી. નિગમ દ્વારા જમવાની તથા ચા-નાસ્તાની સગવડ કરાઈ છે. આ બસોને સુરત મોકલાયા બાદ તેમને એડવાન્સ બુકીંગને ધ્યાનમાં રાખી સુરતથી સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં એક બસમાં ફક્ત ૩૦ મુસાફરો બેસાડીને લઈ જવાઈ રહ્યા છે. જોકે મુસાફરો પાસેથી કોઈ વધારાનું ભાડુ લેવામાં આવતુ નથી.

## તાજપુરકુઈની ફેકટરીમાં છત પરથી પડી જતા કામદારનું મોત

પ્રાંતિજ તાલુકાના તાજપુરકૂઈ પાસે આવેલ કર્ણાવતી પ્લાયવુડમાં કામ કરતા કામદારનું છત પરથી પડી જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને સારવાર અર્થે હિંમતનગર ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો જયાં ગંભીર રીતે ઘવાયેલા કામદારનું સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. પ્રાતિજના તાજપુરકુઈ પાસે આવેલ કર્ણાવતી પ્લાયવુડમાં મૌનીક નારાયણ શાહ છેલ્લા ઘણા સમયથી રોજી મેળવા મજૂરી કામ કરતો હતો.

# ડીસામાં વેપારીઓને હેલ્થ કાર્ડ આપવાની કવાયત ધંધા-રોજગાર શરૂ થવાની આશા બંધાઈ

ડીસા, તા. ૧૩

છેલ્લા ૪૮ દિવસથી લોકડાઉનમાં ઘરે બેઠેલા વેપારીઓની રજૂઆતના પગલે સ્કેનિંગ કરવાની કામગીરી મામલતદાર કમ્પાઉન્ડ ખાતે સોમવારે શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીના પગલે વેપારીઓ એસોસિએશનના પ્રમુખ જગદીશભાઈ મોદીએ જણાવ્યું હતું કે હાલમાં કોરોના મહામારી ચાલે છે જેના પગલે તકેદારી પણ



ડીસા વેપારી એસોસિએશન દ્વારા સોસિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોના પાલન સાથે શહેરમાં ધંધા-રોજગાર ચાલુ કરવા માટે વારંવાર રજુઆત કરવામાં આવી હતી જેના કારણે નાયબ કલેકટર અને હેલ્થ ઓફિસર દ્વારા તમામ વેપારીઓને સુરક્ષાના ભાગરૂપે હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં વેપારીઓનું આરોગ્ય વિભાગ દ્વારા ટોળા સ્વરૂપે પહોંચી જતા સોસીયલ ડિસ્ટનશના ધજાગરા ઉડવા પામ્યા હતા તેના પગલે ઉત્તર પોલીસ દોડી આવી તમામ વેપારીઓ વચ્ચે સોસીયલ ડિસ્ટન્સ જાળવી પોતાનું સ્કેનિગ કરાવવા માટે અપીલ કરી હતી ત્યારબાદ વેપારીઓનું આરોગ્ય વિભાગ દ્વારા સ્કેનીગ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ડીસા કરીયાણા મરચન્ટ જરૂરી છે તેના ભાગ રૂપે જિલ્લા હેલ્થ અધિકારી અને એસ.ડી. એમ.ની સૂચનાના પગલે ડીસામાં ૬૫૦ જેટલા વેપારીઓની હેલ્થ ચકાસણી કરી તેમને હેલ્થ કાર્ડ ઈશ્યુ કરી ત્યાર બાદ જ દુકાનો ખોલવાની મંજુરી આપવામાં આવશે. દરમ્યાન બીજા દિવસે પણ આ કામગીરી ચાલુ રહેવા પામી હતી જેના કારણે વેપારીઓને પણ ધંધા રોજગાર શરૂ થવાની આશા બંધાઈ છે.



## જલોતરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હેલ્થ સ્કેનિંગ કાર્ડ અપાયા

વડગામ તાલુકાના જલોતરા વિસ્તારમાં શાકભાજીની લારીઓ, દુકાનો, કરિયાણાની દુકાનો, દૂધ પાર્લર, મેડીકલ તથા સેવાભાવી સંસ્થાઓ સહીત કલેકટરના જાહેરનામા જે દુકાન, સ્ટોલને મુક્તિ આપવામાં આવી છે તે તમામ લોકોને હેલ્થ સ્કિનિગ કાર્ડ આપવાની વ્યવસ્થાના ભાગરુપે જલોતરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જલોતરા પી.એચ.સી.ના સેજામાં આવતા ગામોના ૧૧૨ લોકોને મેડીકલ ઓફિસર ડૉ. જયશ્રીબેન પ્રજાપતિ તથા અન્ય આરોગ્યકર્મી ઓ દ્વારા સ્કિનિગ ચેકઅપ કરી હેલ્થ સ્કિનિગ કાર્ડ આપવામાં આવ્યા હતા. આ તમામ હેલ્થ સ્કિનિગ કાર્ડ ધારકોનુ ૭ દિવસે મેડીકલ ચેકઅપ કરી હેલ્થકાર્ડમા એન્ટ્રી કરવામાં આવશે. દરેક ગામ વાઈઝની ટીમ આ કામગીરી માટે કાર્યરત રહેશે, દુકાનો, સ્ટોલ, લારીધારકે ફરજીયાત હેલ્થકાર્ડ રાખવુ પડશે.

## બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા જી. આર. ડી.ના જવાનોને રાશન કીટ આપવા માંગ

વડગામ, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા હોમગાર્ડના ૨૦૨ જવાનોને રાશન કીટ આપવામાં આવી છે. ત્યારે જી.આર.ડી.ના જવાનોને પણ રાશન કીટ આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

કોરોનાની માહામારીના સંકટ સમયે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરાયું છે. ત્યારે પોલીસ હોમગાર્ડની સાથે સાથે જી.આર.ડી.ના જવાનો પણ ખડેપગે રહીને ફરજ બજાવી રહ્યા છે. લોકડાઉનના સમયે હોમગાર્ડના જવાનોને મદદરૂપ થવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કલેકટર સંદિપ સાગલેના હસ્તે ૨૦૨ જેટલી રાશનની કીટ આપવામાં આવી હતી. ત્યારે લોકડાઉનના સમયે અત્યારે કાળઝાળ ગરમીમાં પોલીસ, હોમગાર્ડની સાથે સાથે જી.આર.ડી.ના જવાનો પણ નિષ્ઠાપૂર્વક ફરજો બજાવીને કોરોનાની વૈશ્વિક મહામારી સામે લડી રહ્યા છે. ત્યારે જિલ્લા વહીવટીતંત્ર તેમજ જિલ્લા કલેકટર દ્વારા હોમગાર્ડની સાથે સાથે જી.આર.ડી.ના જવાનોને પણ રાશન કીટ આપવામાં આવે તેવો શુર જી.આર.ડી.ના જવાનોમાંથી ઉઠવા પામ્યો છે.



## ડીસામાં રેતી ભરેલા ત્રણ ડંપ્પર પકડાયા

લોકડાઉન વચ્ચે પણ ડીસામાંથી પસાર થતી બનાસ નદીમાંથી બીનાધિકૃત રીતે રેતી ભરીને દોડતા ત્રણ ડંમ્પર જિલ્લા ભૂસ્તર વિભાગની ટીમે ઝડપી પાડ્યા હતા. ડીસા સહિત જિલ્લામાંથી પસાર થતી બનાસ નદી ઉપર ડેમ બંધાતા વર્ષોથી વહેણ બંધ છે પણ સુકીભઠ્ઠ નદીના વિશાળ પટની રેતી બાંધકામ માટે સમગ્ર રાજ્યમાં વખણાય છે. તેથી નદીના પટમાં ગેરકાયદેસર રીતે જેસીબી દ્વારા રાત દિવસ રેતી ઉલેચાય છે. ત્યારે મળેલ બાતમીના આધારે જિલ્લા ભૂસ્તર વિભાગની ટીમે આખોલ ત્રણ રસ્તે રેતી ભરીને દોડતા ત્રણ ડંમ્પર રોક્યા હતા અને તેના ચાલકો પાસે રોયલ્ટી પાસ સહિતના કાગળોની માંગ કરી હતી પણ કોઈ આધાર પુરાવા ન મળતા ત્રણ ડંમ્પર કબ્જે લઈ દંડકીય કાર્યવાહી હાથ ધરી હતી.

## સાબરકાંઠામાં લોકડાઉનના ચુસ્ત અમલ અંગે સરપંચો સાથે વિડીયો કોન્ફરન્સથી વાર્તાલાપ

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં ૨૦ જેટલા કોરોનાના પોઝીટીવના કેસ સામે આવ્યા છે. જે મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલા હોવાથી આ વિસ્તારોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરાયા છે. વિસ્તારોમાં લોકોની અવરજવર પર પ્રતિબંધ લાદવામાં આવ્યા છે. હાલમાં ગામડાઓમાં કેસ સામે આવ્યા હોવાથી જિલ્લાના વિવિધ ગામોના સરપંચોને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કલેકટર સી.જે. પટેલે જરૂરી સુચનો આપ્યા હતા. કોરોના પોઝીટીવ કેસ મળી આવતા વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોન હેઠળ આવરી લેવાયા છે.

# મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ૩ મહિલા નર્સ પોતાના વહાલસોયા સંતાનોથી દૂર રહી ફરજ પર હાજર

મોડાસા, તા. ૧૩

કોરોના વૈશ્વિક મહામારીમાં નર્સ ફ્રન્ટ વોરિયર્સ તરીકે જીવના જોખમે કોરોનાગ્રસ્ત દર્દીઓ સહીત અન્ય બીમારીથી પીડાતા દર્દીઓની સેવા કરે છે. અરવલ્લી જીલ્લામાં કોરોનાના સંક્રમિત દર્દીઓ માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી હોસ્પિટલમાં પોતાની ફરજ પુરી કરી પોતના પરિવાર પાસે જવાના બદલે અહીં અંકિતા બેનના મકાનમાં જ રહે છે. અને સપ્તાહમાં એકાદ વાર પરિવારને મળી તરત ફરજ પર પરત ફરે છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બાયલ ગામના વતની અંકિતાબેન પટેલ મોડાસા ખાતેની ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલમાં



છે ત્યારે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ૩ નર્સ માતૃત્વ સાથે કર્તવ્ય નિષ્ઠ બની પોતાના વ્હાલા સોયા સંતાનો થી દૂર રહી ફરજ બજાવી રહી છે.

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ગાયનેક વિભાગમાં નર્સ તરીકે અંકીતાબહેન ફરજ બજાવે છે ત્યાં જ હોસ્પિટલમાં કોવિડ-૧૯ વિભાગ પણ કાર્યરત છે. એટલે રખેને પોતે સંક્રમિત થાય અને સમસ્ત પરિવારને પરિવાર સંક્રમણનો ભાગ ન બને એ સાવચેતીના ભાગરૂપે તેઓ હવે બાયલ આવવાનું ટાળે છે. અને ફરજ બાદ મોડાસા જ રોકાઈ જાય છે. મોડાસા પણ તેઓનું મકાન છે તે પણ આવી અન્ય સિસ્ટર્સ માટે ખોલી આપ્યું છે. જેમાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ફરજ બજાવતાં ભિલોડાના પટેલ બંસરીબેન, મોડાસાના પંડ્યા પારુલબેન અને રામોસના હરશ્મિબેન ગાયનેક વિભાગમાં નર્સ તરીકે સેવાઓ બજાવે છે. તેઓ સંયુક્ત પરિવારમાં રહે છે. તેમના નવ સદસ્યોના આ પરિવારમાં ચાર વર્ષનો એકનો એક દીકરો ધર્મ છે ધર્મ મમ્મી હમણાં આવશે હમણાં આવશેની રાહ જોઈ જોઈ સુઈ જાય છે.

મોડાસાના પંડ્યા પરુલબેનને પણ ત્રણ વર્ષનો દીકરો છે. એ પણ મમ્મીની રાહ જોયા કરે છે. તેઓ મોડાસાના હોવા છતાં સાવચેતીના ભાગરૂપે પોતાના પરિવારને મળવાનું ટાળે છે. પોતાના ઘરે જવા કરતાં અંકિતા બેનના મકાનમાં જ રહે છે. ત્યારે કોરોના વાયરસના સંક્રમણની વચ્ચે પોતાના વહાલ સોયા સંતાનોને વહાલ કરવાનું છોડી માતૃત્વ સાથે કર્તવ્ય નિષ્ઠા અને પોતાની ફરજને પ્રાધાન્ય આપતી આવી તમામ સિસ્ટર્સને અને તમામ કર્મીને શત શત વંદન!



## હિંમતનગર જીએમઇઆરએસ મેડીકલ કોલેજમાં નર્સિંગ ડે ની ઉજવણી

હિંમતનગર જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ખાતે મંગળવારે નર્સિંગ સ્ટાફ દ્વારા નોબલ પ્રોફેશનના પ્રણેતા એવા ફ્લોરેન્સ નાઈરીંગના જન્મ દિવસની ઉજવણી એટલે કે નર્સિંગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જનરલ હોસ્પિટલના આરએમઓ ર્ડા. એન.એમ. શાહ, ર્ડા. રાજેશ વર્મા, ઈન્ચાર્જ મેટરન પારૂલબેન સહિત નર્સિંગ સ્ટાફ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોવિડ-૧૯માં સારવાર લઈ રહેલા આઈસોલેશનના વોર્ડના પોઝેટીવ દર્દીઓની અંગત જરૂરીયાતોનુ કીટ વિતરણ પણ આ પ્રસંગે કરવામાં આવ્યુ હતું. ટીએનએઆઈના ઉત્તર ગુજરાતના પ્રતિનિધી જયોત્સનાબેન ચૌધરી અને આઈસીએન નેહાબેન ધોલાણીયાના સફળ પ્રયત્નથી માનવતાભર્યુ ઉમદા કાર્યક્રમ કરીને નર્સિંગ ડેની ઉજવણી કરાઈ હતી.